ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૪/૨૦-૨૧/ 4493 તારીખ 31 DEC 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૪/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી વૃજલાલ એન.અકબરી,**
સુરગપરા, સ્ટેશન રોડ,
મું.વડીયા, તા.વડીયા,
**જી.અમરેલી.**
**મો.નં.**

**વિષય : મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના સમયમાં ફેરફાર કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૫/૧૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૧૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૦-૨૧/૩૯૦૭ તા.૦૯/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૦-૨૧/૪૦૨૮ તા.૨૧/૧૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૦-૨૧/૪૦૯૭ તા.૨૭/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૧૨/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી-૨, અમરેલી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વડીયા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર –૬૪/૨૦–૨૧ ☜

વાદી :– **શ્રી વૃજલાલ એન.અકબરી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ રજુઆતની તારીખઃ– ૧૧/૧૨/૨૦૨૦ ◈

હાજર રહયા :– **શ્રી વૃજલાલ એન.અકબરી – ( વાદી પોતે ગેરહાજર )**

પ્રતિવાદી :– **શ્રી કે.બી.પોંકીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વૃજલાલ એન.અકબરી, મું.વડીયા, તા.વડીયા, જી.અમરેલી ની મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ના સમયમાં ફેરફાર કરવા અંગેની રજૂઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૪/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૦–૨૧/૩૯૦૭ તા.૦૯/૧૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૫/૧૨/૨૦૨૦ તથા તા.૧૧/૧૨/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વૃજલાલ એન.અકબરી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.બી.પોંકીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ અરજદારશ્રી વૃજલાલ એન.અકબરી, મું.સુરગપરા, વડીયા ની રજૂઆત છે કે, મીટર બદલાવ્યા બાદ તેમને મળેલ નોટીસ મુજબ તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ તેઓ અમરેલી મીટર ટેસ્ટીંગ લેબોરેટરી–૨ ખાતે બપોરે ૧–૦૦ વાગ્યે પહોંચ્યા તો ત્યાં લેબમાં તેમને એવું જણાવ્યું કે, આજનો સમય પૂરો થઈ ગયેલ છે. તમો,૧૨ વાગ્યા પછી ઘણા મોડા પડેલ છો માટે બીજી તારીખે સમયસર ૧૨ વાગ્યા પહેલા જજો નહીતો, ફરી ધકકો થશે. ઓફીસમાં કામનો સમય ૧૦–૩૦ થી ૫–૩૦ હોય છે. જયારે, લેબનો સમય સવારના ૯–૦૦ થી ૧૨–૦૦ નો છે, જે અપૂરતો છે અને ગ્રાહકને મુશ્કેલીમાં મૂકે છે. આટલો ટૂંકો સમયગાળો માત્ર મીટરની તપાસણી ગ્રાહકની ગેરહાજરીમાં કરી શંકાના આધારે દંડ કરવા માટે જ રાખેલ હોય તે સ્પષ્ટ થાય છે.

૧.૨ તા.૨૩/૧૦/૨૦૨૦ થી વડીયા કચેરીથી આપેલ નોટીસ રદ ગણી નવી નોટીસમાં મીટર ચકાસણી ના સ્થળે હાજર રહેવાના ઓફીસ સમય મુજબ સમયના ફેરફાર સાથેની નવી નોટીસ આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી વૃજલાલ એન.અકબરી, મું. સુરગપરા, વડીયા ની રજૂઆત અન્વયે જણાવવાનું કે, ગ્રાહક શ્રી દિનેશભાઈ ડાયાભાઈ અકબરી, ગ્રાહક નં–૮૩૭૦૧/૦૦૩૮૭/૪, ઘર વપરાશનું વિજ જોડાણ ધરાવે છે. જે મીટર બદલ્યા બાદ તેમને પત્ર નં–૮૦૦૫ તા.૨૩/૧૦/૨૦૨૦ થી મીટર ચકાસણી માટે અમરેલી વિભાગીય કચેરી–૨ ની મીટર ટેસ્ટીગ લેબોરેટરી ખાતે અનુક્રમે તા.૨૩/૧૦/૨૦૨૦, તા.૦૫/૧૧/૨૦૨૦ તથા તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સદર પત્રમાં વડીયા પેટા વિભાગીય કચેરી દ્વારા શરતચૂકથી લેબોરેટરીમાં હાજર રહેવાનો સમય સવારે ૯–૦૦ થી ૧૨–૦૦ દર્શાવેલ હતો. જેથી, તેમને ફરીથી પેટા વિભાગીય કચેરી, વડીયા દ્વારા પત્ર નં–૮૫૦૬ તા.૧૩/૧૧/૨૦૨૦ થી મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં મીટર ચકાસણી અર્થે ની તા.૧૯/૧૧/૨૦૨૦, તા.૧૬/૧૧/૨૦૨૦ તથા તા.૦૩/૧૨/૨૦૨૦ સમય સવારે ૯–૦૦ થી ૫–૦૦ દર્શાવવામાં આવેલ.

૨.૨ પ્રથમ નોટીસમાં શરતચૂકથી ગ્રાહકે હાજર રહેવાનો સમય ૯–૦૦ થી ૧૨–૦૦ દર્શાવેલ હતો. અન્યથા, ગ્રાહકોને મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં હાજર રહી શકે તેમજ તેમની હાજરીમાં જ મીટર ની લેબ ચકાસણી થાય તે માટે તેમને ત્રણ તક આપવામાં આવે છે. જો કોઈ ગ્રાહક તેમને આપવામાં આવેલ ત્રણ તારીખો પૈકી એકપણ દિવસે હાજર ન રહે તો અંતિમ તારીખ પછી જ તેમનું મીટર ચકાસણી કરી એકતરફી નિર્ણય કરવામાં આવે છે.

૨.૩ વધુમાં જણાવવાનું કે, વાદીની રજૂઆત મુજબ તેઓને મીટર ચકાસણી માટે ફરીથી વડીયા પેટા વિભાગીય કચેરી દ્વારા જાણ કરવા છતાં, તેમને આપવામાં આવેલ તારીખો મુજબ મીટર ટેસ્ટીગ લેબોરેટરી ખાતે તેઓ હાજર રહેલ નથી. જેથી, આજદિન સુધી તેઓના મીટર ની લેબ ચકાસણીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

જે આપની નમ્ર જાણ સારૂ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી વૃજલાલ એન.અકબરી, ગામ–વડીયા માં સીગલ ફેઈઝ ઘરવપરાશ નું વિજ જોડાણ ગ્રાહક નં– ૮૩૭૦૧/૦૦૩૮૭/૪ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા વાદીના વિજ સ્થાપન પરનું સીંગલ ફેઈઝ મીટર તા.૨૩/૧૦/૨૦૨૦ ના રોજ બદલવામાં આવેલ. મીટર બદલતી સમયે વાદીને મીટર ના લેબ પરીક્ષણ માટે અમરેલી મીટર ટેસ્ટીગ લેબમાં તા.૨૩/૧૦/૨૦૨૦, તા.૦૫/૧૧/૨૦૨૦ અને તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ હાજર રહેવા જણાવેલ. જેમાં, વાદીએ સવારના ૯–૦૦ થી ૧૨–૦૦ મીટર ટેસ્ટીગ લેબમાં હાજર રહેવાનું થતુ હતું.

૩.૩ વાદીએ તેની રજૂઆત માં જણાવેલ છે કે, લેબોરેટરીમાં હાજર રહેવાનો સમય સવારે ૯–૦૦ થી ૧૨–૦૦ ન રાખવો જોઈએ. પરંતુ, ઓફીસ સમય રાખવો જોઈએ. જેથી, ગ્રાહકને મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં હાજર રહેવા માટે અગવડતા ન પડે.

૩.૪ વાદીની અરજી ને ધ્યાનમાં લઈ, પ્રતિવાદીએ પત્ર નં–૮૫૦૬ તા.૧૩/૧૧/૨૦૨૦ થી વાદીને તા.૧૯/૧૧/૨૦૨૦ , તા.૨૬/૧૧/૨૦૨૦ તથા તા.૦૩/૧૨/૨૦૨૦ ના રોજ સવારે ૯–૦૦ થી ૫–૦૦ સમય દરમ્યાન મીટર ના લેબ પરીક્ષણ માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ, વાદી આ દિવસો દરમ્યાન, મીટર ટેસ્ટીંગ લેબમાં હાજર રહેલ નહી.

૩.૫ આજ તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ સુનાવણી દરમ્યાન વાદી હાજર રહેલ નથી. તેમજ વધુ મુદત માટે કોઈ લેખિત કે મૌખિક જાણ પણ કરેલ નથી. તેમજ GERC Notification No.02/2019, Clause No.2.33(iii)(B) મુજબ ફરીયાદ માટેનું પૂરતું કોઈ કારણ જણાતું નથી. જેથી, વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum * P G V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૧/૧૨/૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar